1. અશોકના શિલાલેખોમાંથી કયો સંદેશો મળે છે? .

- સમ્રાટ અશોક બોદ્ધધર્મી હતો છતાં અન્ય ધર્માઁ કે સંપ્રદાયો તરફની તેની ભાવના ઉદાર અને સહિષ્ણુ હતી. તેનો ધર્મ વિશેનો ખ્યાલ પ્રચલિત સાંપ્રદાયિક ખ્યાલોથી પર, વ્યાપક અને ઉદાત્ત હતો. અશોકની ધર્મભાવનામાં બિનસાંપ્રદાયિકતા, ધાર્મિક સહિષણતા , અહિંસા, પવિત્ર અને નીતિમય જીવન, પ્રેમ, સહકાર, દાન,પરોપકાર, વડીલો પ્રત્યે આદરભાવ વગેરેનો સમાવેશ થાય છે.
- તેની ધર્મભાવના નીતિયક્ત સદાચારથી ભરેલી અને ઉન્નત જીવનના સર્વસંમત નિયમો પર આધારિત હતી. અશોક શિલાલેખોમાં પોતાની ધર્મભાવના વ્યક્ત કરી છે માનવીમાત્ર તથા પ્રાણીમાત્ર પ્રત્યે દયા રાખવાનું જણાવ્યુ છે. જીવહિંસાને તે નિષિદ્ધ ગણતો હતો. તે પોતાના જીવનમાં સદગુણોનું આચરણ કરતો હતો. માતાપિતા, બ્રાહ્મણ, ગુરુ જન તથા વડીલોને તે હંમેશાં માન આપવાનું જણાવે છે. જીવનમાં શ્રમ કરવા તથા પ્રામાણિકતા દાખવવા પર તે ભાર મૂકે છે. આવતા જન્મનું ફળ આ જન્મના કર્મો પર આધાર રાખતું હોવાનું તે જણાવે છે (શિલાલેખ નંબર 11).
- આત્મસંયમ, આત્મચિંતન વગેરેને તે જીવનના આવશ્યક ગુણો માને છે. કુરતાઈષા, અભિમાન વગેરેને તે મોટાં પાપ માને છે, તેમને જીવનમાંથી નાબૂદ કરવાની ભલામણ કરે છે. તે બુદ્ધ પ્રબોધેલી સાદાઈ અને પવિત્રતાના આગ્રહી હતો. આમ અશોકની ધર્મભાવના માનવધર્મના ખ્યાલને ચરિતાર્થ કરે છે. શિલાલેખ નંબર 7માં જણાવ્યું છે કે, ‘‘દેવોને પ્રિય, પ્રિયદર્શી અશોક, સર્વ સંપ્રદાયના સાધુઓનો દાનથી અને પૂજાથી આદર કરે છે. જેઓ અન્ય ધર્મ કે સંપ્રદાયની નિંદા કરે છે અને પોતાના ધર્મ કે પંથની પ્રશંસા કરે છે તે વાસ્તવમાં પોતાના જ ધર્મને નુકસાન પહોંચાડે છે.’’ પોતાની પ્રજા ધર્મના માર્ગે ચાલે છે કે કેમ તે અંગેની સંભાળ રાખવા તેણે રાજ્યમાં ધર્મમહાપાત્રોની નિમણૂક કરી હતી. તેના શિલાલેખો કે સ્તંભલેખો તેની ઉદાત્ત ધર્મભાવનાને વ્યક્ત કરતા આજે પણ અનેક સ્થળે સચવાયેલા છે.

2. બિન્દુસાર વિશે ટૂંકમાં લખો.

- ચંદ્રગુપ્ત મૌર્યના અવસાન પછી ઈ. સ. પૂર્વે 297માં તેનો પુત્ર બિન્દુસાર મગધની ગાદીએ આવ્યો. તેનો રાજ્યઅમલ ઈ. સ. પૂર્વે 273 સુધી (26 વર્ષ) રહ્યો હતો.. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં તે તક્ષશિલાનો સુબો હતો. ગ્રીક ઇતિહાસકારોએ તેને ‘અમિત્રઘાતક’ (દુશ્મનને સંહારનાર) કહ્યો છે.
- બિન્દુસારના શાસનકાળમાં થોડોક સમય ચાણક્ય મુખ્યમંત્રીપદે રહ્યો હતો. ચાણક્ય પછી ખુલ્લાટક મુખ્યમંત્રીપદે નિમાયો હતો. બિન્દુસારના સમયનો કોઈ નોંધપાત્ર બનાવ ઇતિહાસકારોએ નોંધ્યો નથી. તેણે પિતાએ વારસામાં આપેલા મગધના વિશાળ સામ્રાજયને સાચવી રાખ્યું અને પોતાના પુત્ર અશોકને સોંપ્યું.
- બિન્દુસારે રાજકુમાર અશોકને અવંતિના અને મોટા પુત્ર રાજકુમાર સુશીમને તક્ષશિલાના સૂબા પદે નિમ્યા હતા. તક્ષશિલામાં બે વાર બળવા થયા ત્યારે રાજકુમાર સુશીમ બળવાન નિયંત્રિત કરવામાં નિષ્ફળ જતાં, અશોકે તે કાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. મન્દસારે તેના શાસનકાળ દરમિયાન કોઈ નવો પ્રદેશ જીત્યો ન હતો. તૈના શાસન કાળ દરમિયાન એકંદરે શાંતિ અને સલામતી જળવાઈ રહ્યાં હતાં.
- બિન્દુસરે ગ્રીક રાજ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો રાખ્યા હતા. તેના દરબારમાં ઈજિત તથા સીરિયાના રાજદૂતો બેસતા હતા. સીરિયાના રાજા એન્ટિઓફ્ફ બિન્દુસારના દરબારમાં મૅગેસ્થનીસ પછી ડાયાએચસ નામના રાજદૂતને

મોકલ્યો હતો. આ હકીક્તનો નિર્દેશ રાજા અને રાજદત વચ્ચે થયેલો પત્રવ્યવહાર સુચવે છે. બિન્દુસારનું અવસાન ઈ. સ. પૂર્વે 273માં થયું હતું.

### 3. કૌટિલ્યના અર્થશાસ્ત્ર વિશે જણાવો.

- મૌર્યકાલીન ઇતિહાસ જાણવાનાં અનેક સાધનો પ્રાપ્ત થયાં છે, જેમાં સૌથી મહત્ત્વના અશોકના 44 અભિલેખો છે. મૌર્યકાલીન ઇતિહાસ જાણવા માટેનાં અન્ય મહત્ત્વપૂર્ણ સાધનોમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રી અને મૅગેસ્થનીસ દ્વારા રચિત 'ઇન્ડિકા' મુખ્ય છે. કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' એ મૌર્યશાસન પર લખાયેલ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.
- 'કૌટિલ્યના અર્થશાસ્ત્ર'માં શાસનના સિદ્ધાંતો, રાજ્યનું સ્વરૂપ, શાસક અને અધિકારીઓના કર્તવ્યો, નાગરિકોની ફરજ અને વિદેશો સાથેના સંબંધોને સમજાવવામાં આવ્યાં છે. 'અર્થશાસ્ત્ર'ની રચના ચંદ્રગુપ્ત મોર્યના ગુરુ કૌટિલ્યએ કરી હતી. ઇતિહાસમાં તેમને 'ચાણક્ય' તરીકે ઓળખવામાં આવે છે.
- અર્થશાસ્ત્ર'માં રાજ્યના સિદ્ધાંતો અને રાજાના કર્તવ્યો વર્ણવવામાં આવ્યાં છે. 'ચાણક્ય' એ ચંદ્રગુપ્ત મૌર્ય અને બિન્દુસારના માર્ગદર્શક રહ્યા હતા. તેમણે 'સપ્તાંગ સિદ્ધાંત'ની રચના કરી હતી .કૌટિલ્યએ આ ગ્રંથમાં કર વ્યવસ્થા અને રાજકીય સ્વરૂપ વિશે પોતાના વિચારો મહત્ત્વપૂર્ણ રીતે આલેખ્યા છે.
- કૌટિલ્યનો આ ગ્રંથ કોઈ એક જ સમયે લખાયો હોય તેમ જણાતું નથી, કારણ કે આ ગ્રંથમાં સમ્રાટ અશોકના સમયના અધિકારીઓનો પણ ઉલ્લેખ છે. આ દર્શાવે છે કે આ ગ્રંથના લખાણમાં પાછળથી કેટલોક ઉમેરો કરવામાં આવ્યો હશે. આમ છતાં, પ્રાચીન ભારતની રાજ્યવ્યવસ્થા જાણવા માટે કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' સૌથી મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સામગ્રી છે.

### 4. 'ઇન્ડિકા' વિશે ખ્યાલ આપો.

- મૌર્યકાલીન ઇતિહાસ જાણવાનાં અનેક સાધનો પ્રાપ્ત થયો છે, જેમાં સૌથી મહત્ત્વના અશોકના 44 અભિલેખો છે. મૌર્યકાલીન ઇતિહાસ જાણવા માટેનાં અન્ય મહત્ત્વપૂર્ણ સાધનોમાં 'કૌટિલ્યના અર્થશાસ્ત્ર' અને મંગસ્થનીસ દ્વારા રચિત 'ઇનિડકા' મુખ્ય છે. ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં ગ્રીક રાજદૂત તરીકે મેગેસ્થનીસ આવ્યો હતો. તેણે 'ઇંડિકા' નામનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખ્યો છે. 'ઇન્ડિકા'માં મોર્ય સામ્રાજ્યના નગર વહીવટીતંત્રની મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. મેગેસ્થનીસે 'ઇન્ડિકા'માં પાટલિપુત્રના વહીવટીતંત્રની ઝીણવટપૂર્વકની માહિતી આપી છે. મેગેસ્થનીસે 'ઇન્ડિકા'માં ભારતીય વર્ણવ્યવસ્થા વિશે કેટલીક અગત્યની નોંધ કરી છે.

### 5. મૌર્ય સામ્રાજ્યના વિદેશો સાથેના સંબંધો સ્પષ્ટ કરો.

- મૌર્ય સામ્રાજ્યમાં ચંદ્રગુપ્ત મોર્યના સમથી જ ભારતનો વિદેશો સાથેનો સંપર્ક શરૂ થયો હતો. ચંદ્રગુપ્ત મૌર્યએ ગ્રીકો સાથે રાજ કીય અને સાંસ્કૃતિક સંબંધોની શરૂઆત કરી હતી. ચંદ્રગુપ્ત મૌર્યને સેલ્યુકસ નિકેતર સાથે યુદ્ધ થયું હતું. યુદ્ધના અંતે ચંદ્રગુપ્તનાં શૌર્ય અને લશ્કરી તાકાતથી આકર્ષાઈને સેલ્યુ કસે પોતાની પુત્રી હેલનને ચંદ્રગુપ્ત સાથે પરણાવી હતી. આમ, વિદેશો સાથેના સંબંધોની શરૂઆત ચંદ્રગુપ્તના લગ્નસંબંધથી થઈ હતી.
- ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં ગ્રીક એલચી મૅગેસ્થનીસ હતો. બિન્દુસાર અને અશોકના સમયમાં પણ વિદેશો સાથેના સંપર્કો ચાલુ રહ્યા હતા. ગ્રીક ઇતિહાસકારો બિન્દુસારને 'અમિત્રઘાત' (દુશમનનો સંહાર કરનાર) કહેતા હતા. બિન્દુસારે ગ્રીક રાજ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો રાખ્યા હતા. તેના દરબારમાં ઇજિપ્ત તથા સીરિયાના રાજદૂતો હતા.

સીરિયાના રાજા એન્ટિઑક્સે બિસારના દરબારમાં મૅગેસ્યનીસ પછી ડાયાએચસ નામના રાજદૂતને મોકલ્યો હતો. અશોકના સમયમાં ગ્રીક, ઈજિપ્ત અને શ્રીલંકા સાથે ભારતના વિશિષ્ટ રાજકીય સાંસ્કૃતિક સંપર્કો થયા હતા.

6. સમ્રાટ અશોકના કલિંગ વિજય અને તેનાં પરિણામોની સમીક્ષા કરો.

- વણજિતાયેલા પ્રદેશને જીતવાની મહત્ત્વાકાંક્ષાને પૂર્ણ કરવા અશોકે મગધની પડોશમાં આવેલી મહા નદી અને ગોદાવરી નદીની વચ્ચે આવેલા કલિંગ પ્રદેશ (હાલના ઓડિશાના ઘણાખરા પ્રદેશ) પર ભારે આક્રમણ કર્યું. નંદરાજાઓના શાસન હેઠળનો એક સમયનો આ પ્રદેશ મગધની સામ્રાજ્યનો ને કે ભાગ હતો. નંદવંશના પતન પછી આ પ્રદેશ સ્વતંત્ર થઈ ગયો હતો. અશોકે ના પ્રદેશને મગધના સામ્રાજ્યમાં ભેળવી દેવા ઈ. સ. પૂર્વે 261 માં તેના પર આક્રમણ કર્યું.
- કલિંગ વિજય : કલિંગ સાથેના આ યુદ્ધમાં કલિંગના રાજા જયંતનો પરાજય થયો અને મૌર્ય સમ્રાટ અશોકનો વિજય થયો. પરંતુ આ યુદ્ધમાં આશરે એક લાખ માણસો મૃત્યુ પામ્યા અને દોઢ લાખ માણસો ઘાયલ થયા અને કેદ પકડાયા. આવા ભયંકર માનવસંહારને અંતે પ્રાપ્ત થયેલ વિજયને અશોક માણી ન શક્યો. તેના હૃદયમાં તીવ્ર મનોમંથન થયું. માનવસંહારે તેના હૃદયને કોરી ખાધું અને વિજયનો આનંદ ભયંકર વ્યથાની સાથે પશ્ચાત્તાપમાં ફેરવાઈ ગયો.
- પરિણામો : કલિગયુદ્ધની નિર્દય હત્યાઓથી રમશોકને યુદ્ધની નિરર્થકતા સમજાઈ અને તેણે હંમેશને માટે યુદ્ધત્યાગ કર્યો. આ યુદ્ધ પછી બૌદ્ધ સાધુ ઉપગુપ્તનો ઉપદેશ ગ્રહણ કરી તેણે પોતાના તપ્ત હૃદયને શાંતિ આપવાનો પ્રયત્ન કર્યો. તેની આંતરિક નીતિ અને પરરાજ્ય નીતિમાં ફેરફારો થયા, તેણે ચોલ, પાંડ્ય અને કેરળ જેવાં દક્ષિણનાં નહિ જિતાયેલાં રાજ્યો પર વિજય મેળવી તેને મોર્ય સામ્રાજ્યનાં અંગ બનાવવાનો વિચાર માંડી વાળ્યો.
- તેણે સામાન્ય વિજયને બદલે ધર્મવિજયને સ્થાન આપ્યું. તે યુદ્ધવીર મટી ધર્મવીર બન્યો. લોકોનું ઐહિક તથા પરલૌકિક કલ્યાણ કરવું એ તેનું જીવનધ્યેય બન્યું. આ યુદ્ધ તેના જીવનનું અંતિમ યુદ્ધ બની રહ્યું. ત્યારબાદ સમ્રાટ અશોક ‘રાજદ્વારી પુરુષ’માંથી ‘ધર્માનુરાગી પુરુષ’ બની ગયો..

7. મૌર્યકાલીન અર્થવ્યવસ્થાની સમજુતી આપો.

- મૌર્યકાલીન અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર ખેતી હતો. મૌર્ય વહીવટીતંત્ર બિનઉપજાઉ જમીનને ઉપયોગમાં લેવા માટે અનેક વ્યવસ્થિત પ્રયત્નો કર્યા હતા. કૃષિમાં કામ કરવા માટે વિશાળ જનસંખ્યા ધરાવતા પ્રદેશોમાંથી લોકોને નવાં ગામડાંઓમાં વસાવવાનું કાર્ય કર્યું હતું. આમ, તેમણે નવાં નવાં સ્થળોની શોધ કરી હતી. ‘રાજા’ પોતાના પ્રદેશની તમામ જમીનનો માલિક હતો. પિત્રનો વડો ‘સીતાણા’ કહેવાતો હતો. ખેડૂતો પોતે પણ જમીનનાં માલિક હતાં. મોર્યોને સિંચાઈનું ખૂબ મહત્વ હતું.
- ચંદ્રગુપ્ત મૌર્ય જુનાગઢમાં ‘સુદર્શન તળાવ’ની રચના કરાવી હતી. સિંચાઈનો લાભ લેતા જમીનવાળા ખેડૂતો પાસેથી વધુ કર લેવામાં આવતો હતો. મૌર્ય સામ્રાજ્ય દરમિયાન વેપારવાણિજ્યનો ખૂબ જ વિકાસ થયો હતો. વારાણસી, મથુરા, ગાંધાર, ઉજ્જૈન, બંગાળ અને ગુજરાત એ વેપારવાણિજ્યનાં મહત્ત્વનાં સ્થળો હતાં. ધાતુનું ઉત્પાદન ખૂબ જ અગત્યની આર્થિક પ્રવૃત્તિ હતી.
- જમીનમાર્ગ અને જળમાર્ગે વેપારનું સંચાલન કરવામાં આવતું હતું. પાટલિપુત્ર અનેક વેપારી માગ દ્વારા સમગ્ર ભારત સાથે જો હતું. તે બંગાળથી તક્ષશિલા અને તક્ષશિલાથી મધ્ય એક બજારો સુધી જોડાયેલું હતું. પશ્ચિમ બંગાળનું તામ્રલિપ્તિ અને ગુજરાતમાં આવેલું ભરુચ આંતરરાષ્ટ્રીય બંદરો હતાં. ચંદ્રગુપ્ત મૌર્યએ તામ્રલિપ્તિથી

તક્ષશિલા અને તક્ષશિલાથી મધ્ય એશિયા તરફનો વિશિષ્ટ માર્ગ બનાવ્યો હતો. જેને શેરશાહે અને 19મી સદીમાં ડેલહાઉસીએ પુનઃ નિર્મિત કરાવ્યો હતો. જે વર્તમાનમાં 'ગ્રાન્ડ ટ્રેન્ડ રોડ' તરીકે ઓળખાય છે. વેપારનું અગત્યનું પાસું શિલ્પકલાનો વિકાસ હતો, વેપારીઓ અને કારીગરો સંગઠિત રીતે 'શ્રેણી' કે 'ગિલ્ડ' બનાવી કાર્ય કરતા હતા. લોખંડના ઉત્પાદન પર એકાધિકાર હતો. કારણ કે લોખંડની ધાતુ ખેતી, વેપાર અને લશ્કર માટે સૌથી અગત્યની ધાતુ હતી. 'લોહાધ્યક્ષ' નામનો ઉચ્ચ અધિકારી તેના પર નજર રાખતો હતો. મોર્યકાલીન સમાજમાં વર્ણવ્યવસ્થામાં મજબૂત હતી. વેપાર અને વાણિજયના વિકાસને કારણે વેશ્યો અને શુદ્રોના સામાજિક સ્તરમાં સુધારો થયો હતો. શુદ્રો કૃષિ અને શિલ્પના વ્યવસાય સાથે જોડાયા હતા.

8. મૌર્ય સામ્રાજયના પતનનાં કારણો જણાવો.

- મૌર્ય સામ્રાજયના પતન માટે વિદ્વાનો ભિન્ન ભિન્ન કારણો દર્શાવે છે : સામ્રાજયમાં વિઘટનની પ્રવૃત્તિઓ બળવત્તર બની હતી. સમ્રાટ અશોકના અવસાન પછી કેન્દ્ર સરકાર સાવ નબળી પડી ગઈ તો અને તેનો લાભ લઈ સામ્રાજયના વિવિધ પ્રાંતો કલિંગ, આંધ્ર , બંગાળ, કશ્મીર, સરહદ પ્રાંત, પંજાબ વગેરે સ્વતંત્ર થવા લાગ્યા હતા.. સામ્રાજયથી દૂર આવેલા પ્રાંતોના શાસકો તેમજ અધિકારીઓના પ્રજા સાથેનો વ્યવહાર અત્યાચારી બની ગયો હતો.
- બિન્દુસારના સમયમાં અશોકે અને અશોકના સમયમાં કુણાલ તક્ષશિલામાં થયેલા બળવાઓ શમાવ્યા હતા. પણ અશોકના અવસાન બાદ અંદરથી ખોખરું થઈ ગયેલું મોર્ય સામ્રાજ્ય થોડાં જ વર્ષોમાં તૂટી પડ્યું. વોર્ડનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં ઝડપી અને પુરતા સાધનોના , અભાવે વિશાળ સામ્રાજ્ય પર રાજધાની પાટલિપત્રમાંથી નિયંત્ર અને દેખરેખ રાખવાનું મુશ્કેલ થયું હતું. કેટલાક ઇતિહાસકારોના મત મુજબ સમ્રાટ અશોકની યુદ્ધવિરોધી, શાંતિમય અને અહિંસક નીતિ મૌર્ય સામ્રાજયના પતન માટે જવાબદાર હતી. અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારીને સમગ્ર ભારતમાં અહિંસાનું વાતાવરણકર્યું હતું. પરિણામે મૌર્ય સામ્રાજયના લશકરનાં જોમ અને જુસ્સો સમય જતાં ઓસરી ગયાં. સૈનિકોમાં શિથિલતા અને પ્રમાદવૃત્તિ આવી ગઈ.
- અશોકે અપનાવેલી 'યુદ્ધ નહિ'ની નીતિને કારણે તેના ઉત્તરાધિકારીઓને યુદ્ધ કૌશલ્યમાં વૃદ્ધિ કરવામાં કોઈ જ રસ રહ્યો નહિ, પરિણામે અશોકના અવસાન બાદ ભારતની ઉત્તરવાયવ્ય સરહદે આવેલા બેક્ટ્રિયા અને પાર્થિયાનાં બળવાન રાજ્યોએ મૌર્ય સામ્રાજયના સરહદી પ્રદેશો પર આક્રમણ કરીને મૌર્ય સામ્રાજયને નિર્બળ બનાવી દીધું. બૌદ્ધ સંઘો, વિહારો અને મઠોને છૂટે હાથે દાન આપવાને કારણે શાહી કોષમાંથી ઘણી મોટી રકમ ખર્ચાઈ ગઈ હતી. આમ, ઘટતી જતી સમૃદ્ધિ પણ મૌર્ય સામ્રાજયના પતન માટે કારણરૂપ બની.